મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫

આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

આજનું પંચાંગ

ઉદિત તિથિ	કૃષ્ણ પક્ષ દ્વાદશી રાત્રે ૯:૩૦ સુધી, ત્યાર પછી ત્રયોદશી
વાર	ગુરુ
નક્ષત્ર	હસ્ત ૧૩ નવેમ્બર ના ૧:૫૫ સુધી, ત્યાર બાદ ચિત્રા
કરણ	કૌલવ ૧૧:૦૮ સુધી, ત્યાર પછી તૈતિલ રાત્રે ૯:૩૦ સુધી, ત્યાર બાદ ગજ
યોગ	વિષ્કુમ્ભ ૩:૪૫ સુધી, ત્યાર પછી પ્રીતિ
આજની રાશિ	કન્યા
રાશિના અક્ષરો	પ. ઠ. ણ.

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ (અ. લ. ઈ.)
આજે બૌધિક રીતે વધુ કામ રહેશે અને શારીરિક થકાનનો પણ અનુભવ થશે. પણ, મહત્વનું એ છે કે અગત્યના કામો પૂર્ણ થશે. આપ આજના દિવસે બીજા લોકો સાથે હળી મળીને કામ કરશો તો બહુ જ સારું રહેશે અને જલ્દી કામો પૂર્ણ પણ થશે. આજે બધાં વિશેષ મદદ કરવા માટે તૈયાર હશે.

વૃષભ (બ. વ. ઉ.)
આજના બધા જ નિર્ણયો ખૂબ જ પ્રેક્ટીકલ હશે. આપ ક્યાંય પણ 'દિલલ્લથી વિચારીને નિર્ણય નહીં લ્યો. આપ દિમાગ ઉપર જોર આપશો, થોડું વધુ વિચારશો અને પછી જ નિર્ણય લેશો. કાર્યક્ષેત્રમાં આપનું પ્રદાન સારું રહેશે. જો ખેલકૂદમાં રસ હોય તો આજનો દિવસ સરસ પરફોર્મન્સનો દિવસ છે.

મિથુન (ક. છ. ઘ)
આજે મગજના ઘોડા વધુ દોડવાના છે. આપ અન્ય લોકોને મદદરૂપ થવા પ્રયાસ કરશો. એ પ્રયાસમાં આપને શ્રમ પડશે પણ છતાં આપ એ શ્રમ લેશો. આજે બીજા લોકોને આપ પ્રાધાન્ય આપશો. આજે વાતચીત અને વ્યવહાર વધારે રહેશે. કામ થશે, પણ વાતો વધુ થશે, એવું લાગે છે. જો કે, તેનાથી સંબંધો ગાઢ બનશે.

કર્ક (ડ. હ.)
આજના દિવસે જે લોકો આપની નજીક છે, તેમની સાથે સંપર્ક અથવા વ્યવહારમાં રહેશો. આપનો પ્રયાસ એવો રહેશે. આજે આપ લાગણીઓને શબ્દોનું આવરણ પહેરાવી અને વાત કરી શકશો. આજના દિવસે કેમ કે આપની દ્રષ્ટિ દરેક વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે વ્યવહારિક હશે, એટલે આપ દિવસ આસાનીથી પસાર કરી શકશો. લાગણીઓમાં નહીં અટવાઓ.

સિંહ (મ. ટ.)
આપ બધા જ નિર્ણયો સમજી વિચારીને લેતાં હોવ છો પણ ક્યારેક જાલિમ ખર્ચ કરી નાખો છો. ક્વોલિટીમાં બાંધછોડ નહીં કરવાના સ્વભાવના લીધે આવું થતું હોય છે. પરતું આજે, આપ બજેટ મુજબ ખર્ચ કરશો તેવું જણાય છે. આજના દિવસ દરમ્યાન આપના બધા જ નિર્ણયો એકદમ વિચારીને લીધેલા હશે. આજે પરિવાર અને નાણાકીય બાબતો મહત્વપૂર્ણ રહેશે.

કન્યા (પ. ઠ. ણ)
આપને સફળતા મળવાના યોગ છે આજે. તાર્કિક શક્તિઓ અને મૂલ્યાંકનશક્તિઓનો અઆપ બરાબર ઉપયોગ કરી શકશો. આપ અડસટ્ટે કશું જ નહીં કરો. કોઈ પણ નિર્ણય લેતાં પહેલાં પૂર્વાભ્યાસ કરશો. જો આપને જે તે બાબતે આગળ વધવું યોગ્ય લાગે, તો જ આગળ વધશો. કોઈની કડક આલોચના કરવાનું ટાળજો પ્લીઝ.

તુલા (ર. ત.)
આપના જીવનનું સંતુલન આજે ખોરવાઈ જાય તેવી શક્યતાઓ છે. ચિંતા ન કરો, કોઈ મોટી નેગેટિવ ઘટના નથી બનવાની પણ હા, દિવસ બહુ પોઝીટિવ પણ નથી, એટલે સંભાળવું. વાહન ચલાવતા સાવચેત રહેવું. આર્થિક ખર્ચ અચાનક આવી પડે તેવી સંભાવનાઓ નકારી ન શકાય.

વૃશ્ચિક (ન. ય.)
આજનો દિવસ – આપ કઈ બાબતે કેવું રિએક્શન આપો છો, તેના પર જ નિર્ભર છે. નકારાત્મકતા આપને જલદી આકર્ષે છે. આજે કોઈ નકારાત્મક વિચારથી પ્રેરાઈને કોઈની સાથે મતભેદમાં ન ઉતરતાં. કોઈ પણ મુદ્દાના ઊંડાણમાં જવું, એ આપની ખાસિયત છે પણ એનાં સારાં પરિણામો આવવાં જોઈએ.

ધન (ભ. ફ. ધ. ઢ)
આજે આપ અદ્ભૂત રીતે વ્યસ્ત રહેશો. આજના દિવસે આપના જીવનમાં નવા આયામોનો ઉમેરો થશે. આપ પોતાના કાર્યો સરસ રીતે કરી શકશો. આજના દિવસે જે લોકો માટે આપ કામ કરશો તે લોકો આપની સરાહના કરશે. બિઝનેસ અને જોબ, બંનેમાં આજનો દિવસ સારો છે. આપ સુપિરિયર સાથે દલીલમાં ન ઉતારો તો સારું.

મકર (ખ. જ.)
જો આજનો દિવસ સારી રીતે વિતાવવો હોય તો તબિયતનું પૂરે પૂરું ધ્યાન રાખજો. જાતને બહુ શ્રમ ન આપશો. આ શરીર અને મગજ, કામ આપે છે – તો એને આરામની પણ જરૂર તો પડે જ ને? આજે બિઝનેસ ડિલિંગ કરવા માટે શુભ દિવસ નથી. કોઈ પણ નવી વસ્તુની ખરીદી કરો તો ભાવ અથવા ક્વોલિટી બાબતે અસંતોષ રહેશે.

કુંભ (ગ. શ. સ.)
સામાન્ય રીતે આપ લાગણીનો ઘડો ભરાવા દો છો, અને પછી વ્યક્ત કરો છો. આજે જુની/સંઘરેલી અવ્યક્ત લાગણીઓની અભિવ્યક્તિ થઈ જાવાની શક્યતા વધુ છે. ધ્યાન એમ રાખવાનું કે જેની સામે લાગણી વ્યક્ત થઈ રહી છે, તેના ઉપર શું અસર થાય છે? સહિયારી વસ્તુઓ જેમ કે - જોઈન્ટ બેંક અકાઉન્ટ, શેર, જમીન-જાયદાદ – વિગેરે વિષે આજે લાંબી ચર્ચા ટાળવી, નહીં તો તણાવ ઊભો થશે.

મીન (દ. ચ. ઝ. થ)
આજના દિવસ દરમ્યાન વિશેષ લાભ એ લોકોને થશે જે લોકોનો ભાગીદારીમાં વ્યવસાય હશે. નોકરિયાતોને આજે કામ કાજમાં સફળતા મળશે. મીડિયા સાથે સંકળાયેલા લોકો માટે આજનો દિવસ અત્યંત મહત્વપૂર્ણ રહેશે. કલાકારો માટે પણ આગત્યનો દિવસ છે. ખોટાં વિધાનો અર્થાત સ્ટેઈટમેન્ટ્સ ન આપશો. આપની છબિ ખરાબ થશે, લોકો આપને ખોટી નજરે જોશે.

રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૧૧૨૫ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૬ લોકોનાં મૃત્યુ : ગુજરાત રાજ્યમાં અત્યાર સુધીમાં ૩૭૭૯ લોકોના મોત ૧૩૫૨ લોકોને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી

ગાંધીનગર, તા.૧૧

ભારતમાં એક દિવસમાં ૩૮૦૦૦ કરતા વધારે કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં પણ કોરોનાના કેસોમાં વધારો થઈ રહ્યો છે. ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં કોરોનાના ૧૧૨૫ નવા કેસ સામે આવ્યા છે અને વિવિધ જગ્યાએથી ૬ લોકોના મોત નીપજ્યાં છે. જેથી કોરોનાનો કુલ આંકડો પણ વધીને ૧૮૩૮૪૪ થયો છે.

રાજ્યમાં ૧૧૨૫ નવા દર્દીઓ સામે ૧૩૫૨ દર્દીઓ કોરોનાને હરાવવામાં સફળ રહ્યાં છે. જેથી હવે સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧૬૭૮૨૦એ પહોંચ્યો છે. રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. ૨૪ કલાકમાં રાજ્યમાં વધુ ૬ મોત સાથે કુલ મૃત્યુઆંક પણ ૩૭૭૯એ પહોંચ્યો છે. એવું લાગી રહ્યું છે કે જેમ જેમ તહેવારો નજીક આવતા જઈ રહ્યાં છે તેમ તેમ કોરોના ફરી માથુ ઉંચકી રહ્યો છે.

રાજ્યમાં કોરોના વાયરસના કુલ એક્ટિવ કેસ પણ ૧૨,૨૪૫ થયાં છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૬ લોકોના મોત થયા છે. ૭૪ દર્દી વેન્ટીલેટર પર છે જ્યારે ૧૨,૧૭૫ દર્દી સ્ટેબલ છે. અત્યાર સુધી ૧,૬૭,૮૨૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૧.૨૮ ટકા છે. આજે કુલ ૪,૯૫,૯૮૬ વ્યક્તિઓને ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે જે પૈકી ૪,૯૫,૮૯૦ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરાયા છે અને ૯૬ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે કચ્છ પહોંચશે

ધોરડો ખાતે આયોજિત સરહદી ક્ષેત્રે વિકાસ કાર્યક્રમમાં સરપંચો સાથે સંવાદ કરશે : ૧૫૦૦ સરપંચો ભાગ લેશે

ભુજ, તા. ૧૧

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજે ગુજરાતના કચ્છ જિલ્લાના પ્રવાસે આવી રહયા છે. ધોરડો ખાતે આયોજિત સરહદી ક્ષેત્ર વિકાસ કાર્યક્રમમાં સરપંચ સાથે સંવાદ કરીને પ્રેરક માર્ગદર્શન આપશે.

ધોરડો ખાતે સવારે ૧૦ કલાકે યોજાનાર આ કાર્યક્રમમાં કેન્દ્રિય ગ્રામિણ વિકાસ કૃષિ અને ખેડૂત કલ્યાણ, પંચાયત રાજમંત્રીશ્રી નરેન્દ્રસિંહ તોમર, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, ગૃહરાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા, સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણ અને પ્રવાસન રાજયમંત્રી વાસણભાઈ આહિર ઉપસ્થિત રહેશે. સરહદી ક્ષેત્રેના વિકાસોત્સવ ૨૦૨૦ કાર્યક્રમ અંતર્ગત યોજાનાર આ કાર્યક્રમમાં સરહદી-વિસ્તારના વિકાસ કાર્યો અંગે કેન્દ્રિય ગૃહમંત્રી સરપંચો સાથે સંવાદ કરશે. આ કાર્યક્રમમાં કચ્છ જિલ્લાના ૧૦૬, પાટણના ૩૫, બનાસકાંઠાના ૧૭ મળી કુલ ૧૫૮ ગામના સરપંચો, આગેવાનો સહભાગી થવાના છે. જેમાં સરહદી વિભાગને સ્પર્શતા શિક્ષણ, રસ્તા, આરોગ્ય સહિતના અન્ય વિકાસલક્ષી કામો સંદર્ભે ચર્ચા વિચારણા કરાશે.

બોર્ડર એરિયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ, બીએડીપી યોજના હેઠળ હાથ ધરાનાર પ્રોજેકટો અંતર્ગત ચર્ચા કરાશે. આ યોજનામાં ૬૦ ટકા કેન્દ્ર સરકારની અને ૪૦ ટકા રાજય સરકારની હિસ્સેદારી છે. આ યોજના હેઠળ દેશના ૧૬ રાજયો અને ૨ કેન્દ્ર શાસિત માં ૧૧૧ જેટલા સરહદી જિલ્લાઓમાં ૩૯૬ બ્લોક આવરી લેવાયા છે. જેમાં મુખ્યત્વે માર્ગો, પુલો, પીવાના પાણીની વ્યવસ્થા, આરોગ્ય, સુખાકારી, ખેતી ક્ષેત્ર સામાજિક સેવાઓ, શિક્ષણ, રમતગમત, મોડલ વિલેજ સહિતના વિવિધ વિકાસકામો હાથ ધરવામાં આવી રહયા છે. આ યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં ૧૬૩૮ પ્રોજેકટ હેઠળ રૂ.૧૯,૩૭૫.૪૮ લાખનો ખર્ચ કરાયો છે.

જેમાં કચ્છ જિલ્લામાં ૧૦૦૨, બનાસકાંઠા જિલ્લામાં ૩૫૫ અને પાટણ જિલ્લામાં ૨૮૧ પ્રોજેકટ પૂર્ણ કરાયા છે. ધોરડો ખાતે આયોજિત આ કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ પ્રદર્શનનું ઉદઘાટન કરશે. ત્યારબાદ યોજાનાર મુખ્ય કાર્યક્રમના પ્રારંભે મુખ્ય સચિવ અનિલ મુકીમ દ્વારા સ્વાગત પ્રવચન અને બી.એસ.એફ.ના અધિકારીઓ દ્વારા કામગીરીનું પ્રેઝન્ટેશન રજુ કરાશે.

ઉપરાંત સરપંચશ્રીઓ પણ પોતાના અનુભવોનું આદાન-પ્રદાન કરશે. ત્યારબાદ કેન્દ્રિય ગ્રામિણ વિકાસ મંત્રીશ્રી નરેન્દ્રસિંહ તોમર, રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી ઉદબોધન કરશે. કાર્યક્રમ દરમ્યાન હોમ મિનિસ્ટર્સ સ્પેશ્યલ ઓપરેશન મેડલ મહાનુભાવોના હસ્તે એનાયત કરાશે અંતે કેન્દ્રિય ગૃહમંત્રી અમિતભાઈ શાહ સરહદી વિસ્તારના રાજયના ત્રણ જિલ્લાના સરપંચો, આગેવાનોને પ્રેરક માર્ગદર્શન આપનાર છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૩૦મીએ ગુજરાતની મુલાકાતે

મોદી દેવદિવાળીએ એનર્જી પાર્કના શિલાન્યાસ બાદ અને માંડવી ખાતે નવા ડિસેલિનેશન પ્લાન્ટનું ઉદઘાટન કરશે

ગાંધીનગર, તા.૧૧

વડાપ્રધાન મોદી ફરીથી ગુજરાતના મહેમાન બની શકે છે, ૩૦ નવેમ્બરે વડાપ્રધાન મોદી ગુજરાતની મુલાકાત લઈ શકે છે, તેવા અહેવાલ મળી રહ્યા છે. વડાપ્રધાન મોદીનો ડ્રિમ પ્રોજેક્ટ સોલાર એનર્જી પ્લાન્ટનું લોકાર્પણ કરવા તેઓ ગુજરાતમાં આવી શકે છે. કચ્છના માંડવીમાં વડાપ્રધાન મોદીનો આ ડ્રિમ પ્રોજેક્ટ આકાર લઈ રહ્યો છે. જેમાં ઊર્જા પાર્ક, ડીસેનિલેશન પ્લાન્ટનું વડાપ્રધાન મોદી લોકાર્પણ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી આગામી ૩૦ નવેમ્બરના રોજ ગુજરાતની મુલાકાતે આવી શકે છે. તેઓ દેવદિવાળીએ કચ્છ ખાતે વિશ્વના સૌથી મોટા એનર્જી પાર્કનો શિલાન્યાસ કરશે અને માંડવી ખાતે એક નવા ડિસેલિનેશન પ્લાન્ટનું ઉદઘાટન કરશે. આ પહેલાં ૩૦-૩૧ ઓક્ટોબરના રોજ મોદી ગુજરાતમાં આવ્યા હતા અને અહીં સી-પ્લેન સહિત કેવડિયા ખાતે અનેક પ્રોજેક્ટોનું લોકાર્પણ કર્યું હતું.

૨૨ દર્દીઓ મળ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૨૨ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૨૪ વર્ષીય મહિલા જે ટી.સી.એસ. કંપનીમાં નોકરી કરે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૪૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જીઈબી કોલોની જે કોરોના માટે સંવેદનશીલ બની ઉભરી છે ત્યાંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત થર્મલ પાવર સ્ટેશનમાં ફરજ બજાવતા ૫૨ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અન્ય એક ૫૮ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામેથી આજે વધુ એક કેસ મળ્યો છે. બોરીજમાં રહેતા અને ડી. માર્ટ ખાતે સીક્યોરીટીમાં ફરજ બજાવતા ૨૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સે. ૨૭ માં રહેતી અને આસિ. મેડીકલ ઓફિસર તરીકે કરણનગરમાં ફરજ બજાવતી ૪૪ વર્ષીય તબીબ મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે સિવિલમાં દાખલ કરેલ છે. સે. ૫ માંથી ૩૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧૩ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. કૃષિભવનમાં એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજો બજાવતા ૫૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૫૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૯ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સિવિલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત જીપીએસસીમાં ડે. એસ.ઓ. તરીકે ફરજો બજાવતા ૩૧ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૩ માંથી ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨ માંથી ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૬માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. એપોલો હોસ્પિટલમાં તબીબ તરીકે ફરજો બજાવતા ૫૯ વર્ષીય તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયુ છે.

૧૫ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માણસા અર્બન વિસ્તારમાંથી ૫૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. લવાડ ગામેથી ૨૧ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. નાંદોલ ગામેથી ૭૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સગદલપુર ગામેથી પણ ૫૦ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેસનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કલોલમાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને ૨ કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. તાલુકાના શોભાસણ ગામેથી ૬૮ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સોજા ગામેથી ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કલોલ અર્બન ૨ વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે. ૬૧ વર્ષીય પુરૂષ અને ૬૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જિલ્લા આરોગ્યતંત્રએ નોંધાયેલા કેસોમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં જણાવ્યુ છે કે આજે વધુ ૧૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

'અનલોક'... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ, કસ્તૂર બા બાલિકા વિદ્યાલય, સામાજિક ન્યાય અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિભાગની શાળાઓમા પણ આ જીઁ લાગુ થશે. બાકીના વર્ગો અને ધોરણે શરૂ કરવા બાબતે તબક્કાવાર નિર્ણય કરવામાં આવશે. શાળા-કોલેજોમાં વિદ્યાર્થીની હાજરીની ફરજિયાત ગણવામાં આવશે નહીં. આ માટે વાલીની લેખિત સંમતિ સંસ્થાઓએ મેળવવાની રહેશે. થર્મલ ગનથી શિક્ષક અને વિદ્યાર્થીની દરરોજ ચકાસણી કરવાની, સાબુ વડે હાથ ધોવાની વ્યવસ્થા, સામાજિક અંતર વાળી બેઠક વ્યવસ્થા આ બધી જવાબદારી શાળાના આચાર્યએ લેવાની રહેશે. વાલીની સંમતિ માટે એક ફોર્મ આપવામાં આવશે અને આ ફોર્મમાં જીઁના પાલનની દરેક બાબત પણ દર્શાવવામાં આવશે. આ નિર્ણય આજે મળેલી કેબિનેટ બેઠકમાં સર્વ સંમતિથી લેવામાં આવ્યો છે. બાળકો પ્રાર્થના, મધ્યાહન ભોજન અને રિસેસના સમયમાં ભેગા ન થાય અને સબસિડી બાળકોના ખાતામાં જમા થાય તે તકેદારી અમે લઈશું. શાળા શરૂ થયા પછી અનુભવની સમિક્ષા કર્યા પછી શાળામાં ધોરણ ૧થી ૮ના ક્લાસ ક્યારે શરૂ કરવા તે બાબતે નિર્ણય કરવામાં આવશે. કોઈ વિદ્યાર્થી, શિક્ષક કે, ક્લાર્ક કોરોના સંક્રમિત થશે તો તેને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવશે. શાળાના આચાર્યને ઓડઈવન પધ્ધતિથી પણ શાળા શરૂ કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે.

લાગણીનો મેળો ● ચોથા પાનાનું ચાલું

જાય છે.... એ કયારેય સમજાયું ખરું?!! દુનિયા તો ચાલ્યા જ કરવાની... એમાં આપણું કશું જ નહીં ચાલે... આપણે તો ગમતું મળે એને ગૂંજે ઘાલવાનું ને... ગુલાલ કરવાનો... તો જ જિંદગી જીવવા જેવી લાગશે... ગણો - અણગમો છોડો, કયાંક કદી આકરા-ઉના ન થઈએ... બસ, જે સમય મળ્યો... તે ક્ષણો પામ્યા.... તેને મન ભરીને માણીએ...!!!

સૌ વાચક દોસ્તોને... નૂતન વર્ષાભિનંદન...!!!

સ્પર્શમણિ : પ્રકાશ ભણી પગ માંડો, પડછાયો પાછળ રહેશે.

●●●

સ્ત્રીએ પુરુષનો પોશાક છે અને પુરુષ એ સ્ત્રીનો શણગાર છે.

●●●

અન્યોના 'ભલા'માં જ, પોતાનો 'લાભ' છે.

- rasikvaland1965@gmail.com

મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલું

હર્ષદભાઈઃ- હું પુષ્ય નક્ષત્રમાં ચાંદીનો સિક્કો લઈ આવ્યો છું હવે બાળકો માટે ફટાકડાની જવાબદારી બાકી છે. સરકાર શું નિર્ણય કરે છે પછી જવાનો વિચાર કરું છું. કરશનભાઈઃ- અરે ભાઈઓ, સરકાર ભલે ગમે તે નિર્ણય કરે, ખરો નિર્ણય આપણે કરવાનો છે. નવનીતલાલઃ- આપણે શું નિર્ણય કરવાનો કરશનભાઈ ?

કરશનદાસઃ- આ કોરોનાના કેરમાં આપણો કોઈ પાડોશી કે સગો સંબંધી જતો રહ્યો હોય તો આ ધૂમધડાકા આપણાથી કેવી રીતે કરાય ? હું તો કહું છું બહુ ઝાકમઝોળ રોશનીય ના કરાય. બસ આંગણે બે કોડિયાં પ્રગટાવીને દિવાળી ઉજવી લેવાની. આવતી સાલ બધું સારું હોય તો કરજોને ધૂમધડાકા કરવા હોય એટલા. દર્શનભાઈઃ- હું તો શું કહું છું , કે બધું સારું હોય તોય બહુ ધડાકાભડાકા કરવાની કશી જરુર નથી. હા, બાળકો સાવ નાના હોય તો થોડાક તારામંડળ, બપોરિયા અને ટીકડીઓ લઈ આપવાની. બીજું શું ? પ્રસન્નભાઈઃ- અને ચીનના ફટાકડા તો કોઈ મફત આપે તોય નહીં ફોડવાના એટલે નહીં જ ફોડવાના. કરશનભાઈઃ હજી કોરોના ગયો નથી. એટલે બહારની વસ્તુઓ ખાવાની લાલચ કરતા નહીં તમારાથી જેટલી વસ્તુઓ બની શકે તેટલી ઘેર બનાવીને ખાજો અને અમારા જેવા આવે તો ખવરાવજો. દર્શનભાઈઃ પણ કરશનભાઈ, મઠિયાં-પાપડ તો ઉતરસંડાવાળાના જ લાવવા પડશે ને ? એનું શું?

નવનીતલાલઃ- અને ચોળાફળીનું તો કહ્યું નહીં? ભલે ચટણીના બદલે ચા જોડે ખાઈએ. કરશનદાસઃ- હવે એવું બધું આપણી મહિલાઓ બનાવતી નથી એટલે બહારનું લાવ્યા વગર છૂટકો નથી. એક કામ કરો. કોને કોને કેટલા પાપડ-મઠિયાં- ચોરાફળી જોઈતા હોય એનું એક લીસ્ટ બનાવો. મારો એક મિત્ર અવારનવાર ઉતરસંડા જાય છે. એની સાથે સીધો ફેક્ટરીમાંથી માલ મંગાવીશું તો બધાને ફાયદો થશે.

કરશનભાઈ : હા, મુખ્ય વાત તો રહી જ ગઈ ! બની શકે તો કોઈ ગરીબને મદદ કરજો. એ જ ખરી દિવાળી છે. નવનીતલાલ : હા આપણો પ્રાચીન ભક્ત કવિ રણછોડ કહી ગયો છે " કે દિલમાં દીવો કરો રે, દિલમાં દીવો કરો રે. " તે આ રીતે દીવો કરવાનો છે. બરાબર ને કરશનકાકા ?

કરશનભાઈ :એકદમ બરાબર. આખરે તેં તારી નહીં તો બીજાની કવિતાની એક તો એક લીટી સંભળાવી જ દીધી. દર્શનભાઈઃ તો તો હવે ચા પી લેવામાં વાંધો નહીં. અબ્દુલ ફટાફટ ચા બનાવ.

અબ્દુલ : અરે, ચા એકદમ તૈયાર છે. તમે ફટાફટ પીવા ના માંડતાં. એકદમ ગરમ છે. કરશનભાઈઃ ઓ હો ! સૌથી અગત્યની વાત તો રહી જ ગઈ ! દર્શનભાઈઃ હે રામ ! હજી કેટલીક વાતો બાકી છે.

કરશનભાઈઃ- છેલ્લી જ છે, પણ સૌથી અગત્યની છે, બેસતા વરસે નવા કપડાં પહેરવાનું ભૂલી જવાય તો વાંધો નહીં, કોઈના ઘેર જતાં પહેલાં પાકીટ સાથે લઈ જવાનું ભૂલી જવાય તો વાંધો નહીં, બૂટ પહેરતાં પહેલાં મોજાં પગે ચડાવવાનું ભૂલી જવાય તો વાંધો નહીં, અરે ! ઝડપથી ચાલવાના કારણે પત્નિ ઘેર રહી જાય તોય વાંધો નહીં... પણ...

બધા એક સાથે બોલી ઊઠે છે, " માસ્ક પહેરવાનું ભૂલશો નહીં."

કરશનદાસ : શાબ્બાશ ! આવજો, દરેકને દિવાળીની શુભેચ્છાઓ અને નવા વરસ માટે આગોતરા નૂતન વર્ષાભિનંદન.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
24 HOURS EMERGENCY SERVICE
સુવિધાઓ
• આઈ.સી.યુ.ની સુવિધા • 2D Echo
• અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨
• હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
• સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
• એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
• મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વ